


"હેપ્પી બર્થડે ટુ ગાંધીનગર..!!"

"અરે સાહેબ આપને પણ અભિનંદન છે હો..!!"

"બાકી ગાંધીનગર એટલે ગાંધીનગર..! રહેવાનો મજજો પડી જાય એવું પ્રકૃતિની ગોદમાં અને સંસ્કૃતિના લયમાં ઉછરતા નગરમાં મજા-મજા છે."

"ઓ હો..! તમે તો કવિતાના મુડમાં આવી ગયા..!!"

"ના ભાઈ ના !! કવિતા આપણું કામ નહીં..! આ તો જે ભાવ જાગ્યો એ બોલી નાંખ્યુ... ઉજવણીનો માહોલ છે ને ?! એટલે ઉત્સાહ છે !"

"...પણ જ્યારે વર્ષગાંઠની ઉજવણી થતી હોયને ત્યારે થોડું ચિંતન પણ કરવું જોઈએ. કેટલીક ખુબસુરતી છે તો કેટલીક ખામીઓ છે તેનું મનોમંથન પણ જરૂરી છે. ખરૂને..?!"

"હા તમારા સ્વભાવ મુજબ તમે મનોમંથન કે આત્મચિંતનના નામે બે ખટકતી વાતો તો કહેશો જ ને..?!"

"સાવ એવી રીતે વાત ના કરો..! બધામાં વાહવાહી ના હોય..! ભલે ગાંધીનગર સ્માર્ટસીટી બન્યુ હોય, પણ તમે જ હૃદય ઉપર હાથ રાખીને કહો કે ગાંધીનગર સ્માર્ટસીટી છે..?!"

"કેમ..?! તમને ક્યાં ઉણપ લાગી..?! શું ઓછપ લાગી કે આ સપરમાં દિવસે આડુ બોલો છો..!"

"સાહેબ સાંભળો..! ગંદકી ક્યાં ક્યાં છે ને કેટલી કેટલી છે એ તમને ય ખબર છે ને મનપાના તંત્રને પણ છે. છતાંય સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ ગંદકી આજે પણ આપણા શહેરમાં અકબંધ છે..!!"

"અરે..! તમે દર વખતે ગંદકીની જ વાત કરો છો..! ગંદકી સિવાય તમને બીજુ કંઈ દેખાતું જ નથી..?!"

"શું દબાણની વાત કરૂ..?! આડેધડ કપાતા વૃક્ષોની વાત કરૂ..?! પાર્કીંગ સ્થળના અભાવની વાત કરૂ..?! અવાવરા રંગમંચોની વાત કરૂ..?! કે ખેદાનમેદાન થઈ રહેલા બાગ-બગીચાની વાત કરૂ..?! કો' કો' તમે કહો તેની વાત કરૂ..!!"

"હં...અ..! એટલે આજે તમે વિરોધપક્ષની જેમ મુદ્દાઓ લઈને આવ્યા છો..?! અમારૂ મહાનગરપાલિકાતંત્ર, પાટનગર યોજનાતંત્ર અને વહિવટીતંત્ર કેવુ જોરદાર કામ કરે છે..! તમે એને વગોવો છો..?!"

"હા...હા...હા..!! હું એજ કહેવા જઈ રહ્યો છું..! આ બધું બાય બાય ચારણી જેવું છે..! હજુ પણ ગાંધીનગર માટે કોની જવાબદારી અને કોણ કામ કરશે એ હજુ સ્પષ્ટ નથી..!! બધા એકબીજા ઉપર ઢોળે છે..! એટલે ગાંધીનગરની આ હાલત છે..! સ્માર્ટ છે, છતાંય સ્માર્ટ નથી..!!"

"સાવ ખોટી વાત છે..! તમે તમારી જૂની કેસેટો વગાડો છો..! ગાંધીનગર ઓલઈન્ડિયાના ટોપ-ટ્વેન્ટીમાં છે અને મનપા તંત્ર એવી જબરજસ્ત મહેનત કરે છે કે એકાદ વર્ષમાં ટોપ ટેનમાં આવી જશે..!!"

"ઓ હો..! ઝગડા કરવામાંથી સમય મળશે ત્યારે ને..? બુમાબુમ-રાડારાડ, આક્ષેપો-પ્રતિઆક્ષેપો વગેરે વગેરેમાંથી સમય નીકળે તો ગામનું કલ્યાણ કરે ને..?!"

"એ તો હોય..! આવુ બધું તો ચાલ્યા જ કરે..! તમે જુઓ તો ખરા આજે ગાંધીનગરી વિદ્યાનગરી બની ગઈ છે. ૧૯ યુનિવર્સિટીઓ, ૩૨ કોલેજો, ૫૮ માધ્યમિક શાળાઓ અને ૧૦૦ ઉપરાંત પ્રાથમિક શાળાઓમાં લાખ-સવાલાખથી વધારે વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો ધમધમાટ જુઓ, ખેલકુદની ખેલદીલીઓ જુઓ, સેવાની સુગંધ જુઓ, સંસ્કારની રીધમ જુઓ, પ્રાકૃતિક વૈભવ જુઓ, સામાજીક સમરસતા જુઓ..! દષ્ટિને સકારાત્મક બનાવો, તમને ગાંધીનગર ભવ્ય લાગશે... ગાંધીનગર દિવ્ય લાગશે..!"

"હા... સાહેબ... હા..!!"

# આજે ગાંધીનગરનો ૫૪મો જન્મદિવસ ઉજવાશે




ગાંધીનગર તા ૧

ગાંધીનગરના ૫૪માં જન્મદિવસની આજે જી ઇ બી ખાતે ઉજવણી કરવામાં આવશે. શહેર વસાહત મહામંડળ દ્વારા આજે નગરની પ્રથમ ઇંટ મુકવામાં આવી હતી તેવા જી ઇ બી વિશ્રામગૃહના બિલ્ડીંગની તક્તિ પાસે દિપ પ્રાગ્ટય કરી વૃક્ષારોપણ કરવામાં આવશે. સાડા પાંચ દાયકાના સમયગાળાના અંતે પરિપકવ બનતા ગાંધીનગરમાં વિકાસના નવા આયામો વચ્ચે સેકટરોની વસતી પણ વધી છે. અને ન્યુ ગાંધીનગર પણ અસ્તિત્વમાં આવ્યુ છે. જયારે શહેરના અસ્તિત્વ સમયથી સાથે જોડાયેલા પ્રશ્નો પૈકી કેટલાક હજુ યથાવત છે. વર્ષોથી કર્મચારી નગર તરીકે ઓળખાતા નગરની ઓળખ પણ બદલાઇ છે. નગરના પ્રશ્નોના નિરાકરણ માટે શુભચિંતક બનતી સંસ્થા શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિવર્ષ જી ઇ બી ગેસ્ટ હાઉસ ખાતે નગરની પ્રથમ ઇંટ મુકાઇ તે ઠેકાણે નગરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા ૨ ઓગષ્ટના રોજ સવારે ૯ કલાકે જી ઇ બી વિશ્રામ ગૃહના બિલ્ડીંગની પ્રથમ ઇંટ મુકાઇ હતી તે ઠેકાણે મહાનુભાવો દ્વારા દિપપ્રાગ્ટય કરવામાં આવશે. જયારે દિપ પ્રાગ્ટયની સાથે જી ઇ બી સંકુલમાં ૧૫૦૦ જેટલા રોપાઓની પણ વાવણી કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા પ્રભારી પરબત પટેલ , પ્રભારી સચિવ સંજીવકુમાર , મેયર પ્રવિણ પટેલ જિલ્લા કલેકટર તેમજ મ્યુનિ કમિશ્નર સહીત થર્મલ પાવર સ્ટેશનના અધિકારીઓ ઉપરાંત શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ , સુધીર દેસાઇ ,મયુર વ્યાસ,કિશોર જીકાદરા , બી એ શુક્લ સહીતના આગેવાનો હાજરી આપશે. નગરના જન્મદિવસ પ્રસંગે નગરને સ્પર્શતા પ્રશ્નોના નિરાકરણ તેમજ નગરની પ્રગતિ અને વિકાસ માટે ચર્ચા વિમર્શ પણ હાથ ધરાશે.

# વરસાદ ખેંચાતાં જિલ્લામાં દુષ્કાળના ડાકલા

## ખરીફ વાવેતરમાં પણ રોગચાળાની સ્થિતિથી ખેડૂત ચિંતાતુર અને બેચેન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ વિલંબમાં પડતા વાવેતર કરાયેલ પાકને પણ ભારે નુકશાન થવાના ભય સાથે ખેડૂતો આગામી દિવસોમાં દુષ્કાળના ઓળા જિલ્લા પર ઉતરી રહ્યાનું અનુભવી રહ્યા છે.

જિલ્લામાં આકાશી ખેતીનું આમ તો ફુગજન્ય પાક છે. જિલ્લાની જમીન રેતાળ હોવાથી આવો રોગ સામાન્યતઃ થોડો ઘણો થતો હોય છે પરંતુ આ વખતે વરસાદ ખેંચાતા આ ફરિયાદનું પ્રમાણ વધ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

જિલ્લામાં જે રીતે વરસાદ ખેંચાઈ રહ્યો છે તેથી ચિંતાતુર નથી તેથી જિલ્લામાં ડાંગરનું વાવેતર ઘટશે તે હવે સ્પષ્ટ થઈ ચુક્યુ છે.

જિલ્લામાં શાકભાજીના પાકોમાં પણ ફૂલભમરી ઘટવા પામી છે જેને કારણે રોકડિયા પાક તરીકે ઓળખાતી શાકભાજીના ઉત્પાદન પર વિપરીત અસરો પડી રહી છે. શાકભાજીના ભાવો પણ બજારમાં વધવા પામ્યા છે તે ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીએ આજે મહત્વની બેઠક પણ બોલાવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લામાં ઉભી થઈ રહેલ દુષ્કાળ જેવી સ્થિતિ માટે તંત્રએ અગાઉ એક બેઠક યોજી હતી તેમજ આગામી પખવાડિયામાં પણ બીજી બેઠક બોલાવવાની વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી પરિસ્થિતિની અસર આગામી દિવસોમાં વિકરાળ સ્વરૂપ લેશે તેમ મનાઈ રહ્યું છે.

**શાકભાજીમાં ફૂલભમરી ઘટતાં ઉત્પાદન પર વિપરીત અસરો : દિવેલાના વાવેતર અંગે પણ ખેડૂતો મૂંઝવણમાં : જિલ્લાના કૃષિ વિભાગે આજે બોલાવેલી મહત્વની બેઠકમાં કૃષિની સ્થિતિ અંગે ગંભીર ચર્ચાઓ થશે**



એક અનેરૂ મહત્વ છે અને સૌથી વધુ વાવેતર જિલ્લામાં ખરીફ ઋતુ દરમ્યાન થતુ હોય છે.

વરસાદ ખેંચાતા કપાસના પાકમાં કહોવાડ (કોલર રોટેડ) ચાલુ થઈ ગયો હોવાની ફરિયાદો સાથે ખેડૂત ચિંતાતુર બન્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૩ હજાર હેક્ટરમાં કપાસનું વાવેતર થયુ છે જે નોંધનીય છે. તંત્રએ ખેડૂતોને પાણી સાથે દવા ભેળવી ઝાડના મૂળમાં આપવા ભલામણ કરી છે.

બનેલા ખેડૂતોનું માનવુ છે કે ચાર દિવસમાં વરસાદ ના આવે તો પિયતની જરૂરિયાત તીવ્ર બનશે અને સરકારે ગંભીરતાથી આ બાબતે વિચારણા કરી પાકને બચાવવા મહત્વના નિર્ણય લેવા પડશે.

આ ઉપરાંત જિલ્લામાં એટલો જ મહત્વનો પાક ડાંગરનો પણ ગણવામાં આવે છે પરંતુ ફેર રોપણીના આ પાક માટે ધરૂ કરીદવાની હિંમત હવે ખેડૂતો કરતા નોંધનીય છે કારણ કે શાકભાજીની આવક ઘટી રહી છે અને ઉત્પાદન પણ ઘટી રહ્યુ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા દિવેલાનું વાવેતર કરવામાં પણ ખેડૂત મૂંઝવણ અનુભવી રહ્યો છે.

સામાન્યતઃ ૧૫ ઓગષ્ટ સુધી દિવેલાનું વાવેતર થઈ જતુ હોય છે. હજુ જિલ્લામાં માંડ ૯૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં જ આ વાવેતર થવા પામ્યુ છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા

## આજે મુખ્યમંત્રીશ્રીનો ૬૨મો જન્મ દિવસ



ગાંધીનગર, તા. ૧

રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો આજે ૬૨મો જન્મદિવસ છે.

વિદ્યાર્થી પરિષદથી રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર વિજયભાઈ રૂપાણી તેમના સાલસ સ્વભાવથી રાજકારણમાં એક આગવી ઓળખ ઉભી કરી શક્યા છે. કર્મઠતા અને સંઘર્ષ એ તેમનો જીવનમંત્ર છે. તેઓ સીએમ નહિ પણ કોમન મેન તરીકે હાલ રાજ્યના મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે.

રાજ્યસભાના સાંસદ હોવા ઉપરાંત બે વખત વિધાનસભાના સભ્ય તરીકે તેઓ ચુંટાઈ આવ્યા છે. ૭ ઓગષ્ટ ૨૦૧૬થી તેઓ રાજ્યના મુખ્યમંત્રીપદે છે. સાદગી, શિસ્ત, સંયમ, સ્વચ્છ અને પારદર્શી પ્રતિભા ધરાવતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને જન્મદિને શુભકામનાઓ.



હિંડોળા મહોત્સવ - શહેરના પંચદેવ મંદિર અને સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે વિવિધ પ્રકારના હિંડોળા યોજાય છે... રોજ સાંજે ભાવિકો દર્શનાર્થે ઉમટે છે...

# નગર હાઈટેક સીટીની સાથે હવે વિદ્યાનગરી તરીકે ઉભરી રહયુ છે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર વર્ષોથી આમ સૌનુ અને આમ કોઇનુ નહીં તેવી મનોદશા વચ્ચે કર્મચારી નગર તેમજ પાટનગર હોવાના રૂઆબી મિજાજ વચ્ચે હરિયાળુ અને શાંત શહેર હોવોનો અનુભવ આમ નાગરિકો કરી રહયા હતા. જો કે છેલ્લા એક દાયકાથી નગરની ઓળખ બદલાઈ છે. શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિઓનો ધમધમાટ જોવા મળી રહયો છે. જયારે અનેકવિધ યુનિવર્સિટી અને કોલેજો સહીત વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓથી ધમધમતા શહેરની ઓળખ જાણે સાવ બદલાઇ ગઇ છે. કર્મચારીનગર તરીકેની બીબીઢાળ છાપમાંથી નગરની આભા બદલાઈ ગઈ છે. હવે આ શહેરમાં વધતી વસતી અને વિકાસના બદલાતા આયામો વચ્ચે વેપાર ધંધા પણ ફુલ્યાફાલ્યા છે. ન્યુ ગાંધીનગર પણ મેગાસીટીની જેમ વિકસી રહયુ છે. જયારે શૈક્ષણિક ક્ષેત્રે નગરની બોલબાલા વિશેષ છે. શહેરમાં અનેકવિધ સરકારી શાળા કોલેજોની સાથે ખાનગી શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ધમધમી રહી છે. બહારગામના વિદ્યાર્થીઓ પણ વધુ અભ્યાસ માટે ગાંધીનગર પર પસંદગી ઉતારે છે. જયારે વિદ્યાર્થીઓને શિક્ષણ પુરુ પાડતા શિક્ષકો અને અધ્યાપકો પણ નોકરી માટે રોજ અપડાઉન કરી પોતાના પાલ્યને સારુ વાતાવરણ અને તંદુરસ્ત શિક્ષણ પુરુ પાડવા માટે ગાંધીનગરમાં જ રહેવાનુ પસંદ કરે છે. ગાંધીનગરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરીઓ વચ્ચે સરકારી નોકરી મેળવવા માટે તૈયારી કરતા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં બહારગામથી આવીને વસવાટ કરે છે. નગરની શાળા કોલેજોની હોસ્ટેલમાં પણ બહારગામથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. ત્યારે શૈક્ષણિક હબ બનતા ગાંધીનગરમાં શિક્ષણનુ સ્તર પણ અન્ય શહેરોની સાપેક્ષમાં નોંધપાત્ર છે. શાળા કોલેજ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને આનુસંગિક વિવિધ શૈક્ષણિક કોર્ષ માટે પણ અનેકવિધ સંસ્થાઓ નગરમાં કાર્યરત છે. જેના લીધે બહારગામથી આવતા વિદ્યાર્થીઓને શિક્ષણક્ષેત્રે વિશેષ તકો મળી રહે છે. છેલ્લા એક દાયકામાં ગાંધીનગર વિદ્યાનગરી તરીકે ઉભરી રહયુ છે.

# પ્રદૂષણની સમસ્યા પર નજર રાખવા હવે સેન્સર સાથેના પોલ્સ મનપા દ્વારા સમગ્ર શહેરમાં રોપાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના કયા વિસ્તારમાં કેટલુ પ્રદૂષણ છે તેના પર નજર રાખવા માટે મનપા દ્વારા આગામી વિસ્તારમાં આ અંગે સેન્સર સાથેના પોલ લગાવવામાં આવશે.

શહેરમાં વધતા જતા પ્રદૂષણ અંગે ચિંતાતુર બનેલ તંત્રએ આ વાતને લઈ સમગ્ર શહેરનો સર્વે કરાવ્યો છે અને આ માટેના સ્થળ ઓળખી કાઢવામાં આવ્યા છે જ્યાં આ પોલ્સ લગાવવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત આ પોલ્સ લગાવવામાં આવશે. આ અંગેનો રોડમેપ તૈયાર થઈ ચુક્યો છે. હરપળે બદલાતા જતા પ્રદૂષણ પર તંત્ર દ્વારા ખુબજ ઝીણવટભરી નજર રખાશે અને આ પછી તેના ઉપાયો અંગે ચિંતન કરવાની દિશામાં આગળ વધવામાં આવશે.

હરિયાળા નગર તરીકેની ઓળખ ગુમાવી દીધેલ પાટનગરમાં એર પોલ્યુશન હવે સમસ્યા બની ઉભરી રહેલ છે ત્યારે આ પોલ્સ લગાવી અને સમસ્યાના ઉકેલ સુધી પહોંચવાનો અભિગમ અપનાવવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

શહેરમાં પોલ્યુશન પર નજર રાખવા માટે આવુ એક સ્ટેશન વિધાનસભા પાસે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઉભી કરવામાં આવ્યુ છે તે નોંધનીય છે.

# શહેરના સ્થાપનાદિનની ઉજવણીથી અળગા રહેવાના મનપાના નિર્ણયની ચોમેરથી ટીકા

## શહેરના જન્મદિવસ ઉજવવાની વડાપ્રધાનની લાગણીની અવગણનાને લઈ પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે પણ પાટનગરના જન્મ દિવસની ઉજવણીથી અળગા રહેવાના નિર્ણયને લઈ રાજકીય વર્તુળોમાં ચર્ચા ઉભી થવા પામી છે.

એક તરફ શહેરોના જન્મદિવસની ઉજવણી કરવી જોઈએ અને લોકોના આનંદમાં ભાગીદાર સૌ થાય તેવી હિમાયત વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરી રહ્યા છે પણ મનપામાં ભાજપ, રાજ્યમાં ભાજપ અને કેન્દ્રમાં પણ ભાજપ છતાં મનપા અને સરકારે આ મુદ્દે મૌન કેમ સેવ્યુ છે તેને લઈ ભારે અટકળો થઈ રહી છે.

કર્મ સંજોગે આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો પણ જન્મદિવસ છે આમ છતાંય ભાજપના સત્તાધીશો દ્વારા કેમ પાટનગર સાથે જ આવુ ઓરમાયુ વર્તન દાખવવામાં આવી રહ્યુ છે તે એક ચર્ચાનો મુદ્દો બન્યો છે.

સાત વર્ષ કરતાં પણ વધુ સમય મનપાની રચનાને થયો છે. મનપાના બજેટમાં પણ ઉત્સવોની ઉજવણી અંગેની જોગવાઈ થયેલી છે આમ છતાં સત્તાધીશો કેમ અળગા રહે છે તે નગરજનોને પણ ગળે ઉતરતુ નથી.

ચોમેરથી આવા તરંગી નિર્ણયની ટીકા પણ શરૂ થઈ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT | BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

LEARN PHOTOGRAPHY CINEMATOGRAPHY
1 MONTH BASIC, 3 MONTH ADVANCE COURCE
LEARN ACTING
THEORY + PRATICAL
WELL EQUIPPED STUDIO
AUDIO-VISUAL FACILITIES
Arpan Films Where Your Dreams Are Fulfilled
B-332-333, Pramukh Arcade, Kudasan, Gandhinagar
Mo. +91 7878101541 | arpanfilms87@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com